ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીની રચના કરવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક :અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૦૪/૦૫/૨૦૨૧

**વંચાણે લીધા :-**

૧) ભારતના રાષ્ટ્રપતિના 'ધ શિડ્યુલ્ડ કાસ્ટસ એન્ડ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ લીસ્ટસ(મોડિફિકેશન) ઓર્ડર '૧૯૫૬' પ્રસિધ્ધ કરતું ભારત સરકારના ગૃહ મંત્રાલયનું તા.૨૯/૧૦/૧૯૫૬નું જાહેરનામું.

૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/૦૧/૨૦૧૦નો ઠરાવ.

૩) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ.

૪) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૯/૦૯/૨૦૨૦નો ઠરાવ.

૫) વિભાગનો તા.૦૧/૧૦/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૧૨૦૨૦/૬૧૩/ચ

૬) વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ).

**આમુખ:**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ(માલધારી)જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક(૩) હેઠળના ઠરાવથી શ્રી ડી.જી.કારીયા, નિવૃત જસ્ટીસશ્રી, ગુજરાત હાઇકોર્ટના અધ્યક્ષસ્થાને એક કમિટીની રચના કરવામાં આવેલ હતી. જેમાં કમિટીએ ત્રણ માસમાં જરૂરી અભ્યાસ, સર્વેક્ષણ, આનુષાંગિક બાબતોની તપાસ પૂરી કરી વગેરે ત્રણ માસમાં કરી તેનો અહેવાલ, "કમિટી"ના તારણો અને ભલામણ સાથે સરકારને સુપરત કરવા જણાવવામાં આવેલ. સદરહુ કમિટીમાં શ્રી ડી.સી.શાહ, નિવૃત ડિસ્ટ્રીક્ટ જજ અને શ્રી એ.પી.ત્રિવેદી, નિવૃત ડિસ્ટ્રીક્ટ જજશ્રીએ અસંમતિ દર્શાવતા વંચાણે લીધેલ ક્રમાંક:(૪) હેઠળના ઠરાવથી સુધારા ઠરાવ કરવામાં આવેલ. તેમજ વંચાણે લીધેલ ક્રમાંક:(૫) હેઠળના ઠરાવથી કમિટીની સહાયતા માટે મહેકમ મંજૂર કરવામાં આવેલ. જેની જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા હાલ ગતિમાં છે. વંચાણે લીધેલ ક્રમાંક(૬) હેઠળના ઠરાવ અનુસાર સદર કમિટીની મુદત તા.૦૪/૦૫/૨૦૨૧ના રોજ પૂર્ણ થયેલ છે જેમાં ઉક્ત કમિટીની મુદતમાં વધુ છ માસનો વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ ( માલધારી ) જાતિના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની સદરહુ કમિટીની મુદતમાં તા.૦૪/૦૫/૨૦૨૧થી વધુ છ માસનો વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેની અન્ય જોગવાઇઓ તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૦૪/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
સરકારના નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી,બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ , હાઇકોર્ટ, બંગલો નં.૧૨, સર્વોત્તમ નગર, મેમનગર ફાયર સ્ટેશનની સામે, હાટકેશ્વર સોસાયટીની પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪.
  ૨. D-101, Defence Colony, Ground floor, New Delhi-110024.
- શ્રી ઇશ્વરસિંહ બી.વાઘેલા, માન. નિવૃત પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયાધીશશ્રી,એચ/૧૧, પાર્શ્વનાથ ટાવર, સુભાષ ક્રોસ રોડ નજીક, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
- શ્રી કમલેશકુમાર આઇ. કાછીયા, માન. નિવૃત જિલ્લા ન્યાયાધીશશ્રી, એ/૫૦૧, પારસ ગેલેક્ષી, હરિ દર્શન ક્રોસ રોડ, નરોડા, અમદાવાદ.
- શ્રી બી.કે.કુમાર નિવૃત્ત આઇ.એ.એસ., બ્લોક નં.૭૦૧/૭, શ્યામજીકૃષ્ણ વર્મા પાર્ક, સેક્ટર-૭, ગાંધીનગર.
- શ્રી આર.ડી.કટારા, નિવૃત્ત નાયબ વન સંરક્ષકશ્રી, ૩૯-બી,'જિમિલી', અંબિકાનગર-૧, પ્રમુખદર્શન એપાર્ટમેન્ટ નજીક, જુનાગઢ-૩૬૨૦૦૧.
- પ્રો.જે.સી.પટેલ, અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
- શ્રી સી.આર.સંગાડા, નિવૃત્ત અધિક કલેક્ટરશ્રી, પ્લોટ નં. ૫૩૬/૨, સેક્ટર-૪ બી, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. F.S.(ક્રિયા)
- વિભાગની સર્વે શાખાઓ
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- [illegible]
- [illegible]શ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર